1 રંગસૂત્રોની 23 જોડીમાંથી 22 જોડી ______ તરીકે ઓળખાય છે.

(A) સેક્સ રંગસૂત્ર
(B) ઓટોસોમ્સ
(C) એક્સ રંગસૂત્ર
(D) એક્સ-એક્સ રંગસૂત્ર

2 'સમાજશાસ્ત્ર' (Sociology) શબ્દ કઈ બે ભાષાનો બનેલો છે ?

(A) અંગ્રેજી અને ગ્રીક
(B) જર્મન અને ફ્રેંચ
(C) ગ્રીક અને લેટીન
(D) ગ્રીક અને ફ્રેંચ

3 રણજીતરામ સુવર્ણચંદ્રક તથા નર્મદ સુવર્ણચંદ્રક બન્નેથી સન્માનિત થયેલા સાહિત્યકારનું નામ જણાવો.

(A) શ્યામ સાધુ
(B) ચુનીલાલ મડિયા
(C) ડૉ. હસુ યાજ્ઞિક
(D) ધના ભગત

4 શાસ્ત્રીય અભિસંધાનના પ્રાયોગિક અભ્યાસોમાં ઉદ્દીપકો નીચેનામાંથી કયા ક્રમમાં રજૂ કરવામાં આવે છે ?

(A) CS અને US બન્ને સાથે
(B) પ્રથમ CS પછી US
(C) પ્રથમ US પછી CS
(D) CS અને US ક્રમશઃ આગળ પાછળ

5 Fill in the blank :

Work hard ______ building your career.

(A) because of
(B) due to
(C) with a view to
(D) in order to



PariksaPath · pariksapath.in

6 __________ એ પોતાના પુસ્તક 'નેશન-સ્ટેટ એન્ડ વાયોલન્સ'માં આધુનિકતાનું વિશ્લેષણ કર્યું છે.

(A) વેબર (B) ગિડેન્સ

(C) મર્ટન (D) યંગ અને મેક

7 ભારતની બંધારણીય સભામાં ક્યા દિવસે જન ગણ મન અને વંદેમાતરમ્‌ને રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન તરીકે જાહેર કરવામાં આવ્યા ?

(A) 22-07-1949 (B) 17-04-1950

(C) 24-01-1950 (D) 18-07-1949

8 દ્વિદળ જોડિયા બાળકોની આનુવંશિકતામાં __________ જોવા મળે છે.

(A) 90 થી 95 ટકા જેટલી સમાનતા

(B) વધુમાં વધુ સમાનતા

(C) અત્યંત ઓછી સમાનતા

(D) અલગ જન્મેલ બે ભાંડુ જેટલી સમાનતા

9 સમાજ બને છે __________.

(A) વ્યક્તિઓથી

(B) સામાજિક સંસ્થાઓથી

(C) વ્યક્તિઓ વચ્ચેના સામાજિક સંબંધોથી

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

10 બિહેવીયર એન્ડ ઈન્ટ્રોડક્શન ટુ કમ્પેરેટી સાયકોલોજીના લેખક કોણ છે ?

(A) જહોન વોટ્સન (B) ટિચ્નર

(C) કોહલર (D) સ્કિનર



PariksaPath · pariksapath.in

11 પાણીનું ઉત્કલનબિંદુ કેટલું હોય છે ?

(A) $32^0$F
(B) $212^0$F
(C) $100^0$F
(D) $273^0$C

12 પનબાદ ________ પ્રકારનું નગર છે.

(A) બંદર નગર
(B) ઔદ્યોગિક
(C) ખાણ સંબંધી
(D) ધાર્મિક

13 સંધિ જોડો :

વિ + અતિક્રમ

(A) વ્યાતીક્રમ
(B) વ્યતિક્રમ
(C) વ્યાતિક્રમ
(D) વ્યુતિક્રમ

14 નીચેનામાંથી કોણ અનુવંશનું મૂળભૂત વાહક છે ?

(A) જનીનતત્ત્વ
(B) રંગસૂત્ર
(C) અંડકોષ
(D) રંગસ્રાવ

15 મહેસાણા જિલ્લામાં આવેલ વિખ્યાત કડીનો કોટ કોના દ્વારા બનાવવામાં આવેલ ?

(A) જવાંમર્દખાન બાબી
(B) દામજીરાવ ગાયકવાડ
(C) મુરતાઝખાન બુખારી
(D) મેજર વોકર



PariksaPath · pariksapath.in

16 ભારતમાં પ્રથમ સ્ત્રીએ સ્નાતકની પદવી ____ – યુનિવર્સિટીમાંથી મેળવી.

(A) મુંબઈ (B) કલકત્તા

(C) મદ્રાસ (D) દિલ્હી

17 નીચે આપેલ વાક્યનો નિપાત ઓળખાવો :

મને ફક્ત દાળ-ભાત જ ભાવે છે.

(A) મને (B) છે

(C) ફક્ત, જ (D) ભાવે

18 રોરશા ટેસ્ટમાં ______ ઈન્કબ્લોટ ચિત્રો ધરાવતી 10 પ્લેટ આવેલ છે જે રંગ, આકાર, છાયા વગેરેમાં ભિન્નતા ધરાવે છે.

(A) 5 શ્વેત-શ્યામ તથા 5 દ્વિરંગી તથા બહુરંગી

(B) 4 શ્વેત-શ્યામ તથા 6 બહુરંગી

(C) 3 શ્વેત-શ્યામ તથા 3 દ્વિરંગી અને 4 બહુરંગી

(D) 4 શ્વેત-શ્યામ તથા 2 દ્વિરંગી અને 4 બહુરંગી

19 ______ ને ભારતમાં સમાજશાસ્ત્રના ''ભીષ્મ પિતામહ''નું બિરુદ આપેલ છે.

(A) ડૉ. શ્રીનિવાસ (B) ડૉ. ઘુર્યે

(C) ડૉ. કાપડીયા (D) ડૉ. ચુથી

20 કમ્પ્યૂટર સૉફ્ટવેર તૈયાર કરતી નામાંકિત કંપની માઈક્રોસૉફ્ટ કોર્પોરેશનનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) કેલિફોર્નિયા (B) લંડન

(C) વોશિંગ્ટન (D) ચીન



PariksaPath · pariksapath.in

21 નીચેનામાંથી કઈ વિકૃતિમાં સારવારમાં વિદ્યુતશોક પદ્ધતિ ઉપયોગી બની શકતી નથી ?

(A) દીર્ઘકાલીન વિચ્છિન્ન ચિત્ત વિકાર (B) કેટેટોનિક સ્કીઝોફેનિયા

(C) એન્ડોજીનસ ડિપ્રેશન (D) એક્યુલર સાયકોસીસ

22 Select expression from the given options if you have been declared as the winner in the National beauty contest.

(A) Bad luck (B) I am very sorry.

(C) Happy journey (D) Oh ! I can't believe it.

23 ભીલ આદિવાસીઓમાં ________ કુટુંબ વ્યવસ્થા છે.

(A) વિભક્ત (B) પિતૃવંશીય

(C) પિતૃસ્થાનીય (D) માતૃસ્થાનીય

24 મુંદ્રા તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે ?

(A) આણંદ (B) ખેડા

(C) કચ્છ (D) પંચમહાલ

25 શરીરના આંતરિક વાતાવરણની વ્યવસ્થા અને નિયમનમાં નીચેનામાંથી કયું અંગ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે ?

(A) થેલેમસ (B) હાઈપોથેલેમસ

(C) હોર્મોન્સ (D) પિચ્યુટરી ગ્રંથિ



PariksaPath · pariksapath.in

26 મનુએ લગ્નના ____________ પ્રકારો જણાવ્યા છે.

(A) પાંચ (B) છ

(C) સાત (D) આઠ

27 નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ જણાવો :

સામુદાયિક

(A) વૈયક્તિક (B) સમષ્ટિ

(C) સામાજિક (D) એકલવાયું

28 નીચેનામાંથી કયા ચેતા શરીર મનોવૈજ્ઞાનિક દ્વારા 'સ્પેશીફીક નર્વ એનર્જીસ'નો ખ્યાલ રજૂ કરવામાં આવેલ છે ?

(A) હરમાન વોર્ન હેલ્મહોલ્ટસ (B) જે. મ્યુલર

(C) રેને ડેકોર્ટસ (D) ઉપરોક્ત તમામ

29 ટોલ્સટોયના કયા પુસ્તકથી ગાંધીજીના જીવનમાં ઊંડી છાપ પડી ?

(A) વૈકુંઠ તારા હૃદયમાં છે (B) બાઈબલનો નવો અર્થ

(C) ઉત્તમ માર્ગ (D) અનટુ ધીસ લાસ્ટ

30 નવલકથા 'માનવીની ભવાઈ'ના લેખક કોણ છે ?

(A) પન્નાલાલ પટેલ (B) જોસેફ મેકવાન

(C) ઉમાશંકર જોષી (D) કલાપી



PariksaPath · pariksapath.in

31 નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો

ન ગમ્યું તેની વાત ફરી ક્યારેક કરીશ.

(A) સમયવાચક (B) રીતિવાચક

(C) સ્થળવાચક (D) માત્રાસૂચક

32 ભાટિયાની બુદ્ધિ કસોટી ________ ની બનેલી છે.

(A) ચાર પેટા કસોટી (B) પાંચ પેટા કસોટી

(C) છ પેટા કસોટી (D) સાત પેટા કસોટી

33 દેશમાં થતા તમામ જન્મો અને મરણોની નોંધ ________ થી કરવામાં આવે છે.

(A) સેન્સસ (B) સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ

(C) નેશનલ સેમ્પલ સર્વે (D) સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ

34 દમન એ ________ ના એક ભાગરૂપ છે.

(A) પલાયન બચાવ પ્રયુક્તિ (B) પ્રક્ષેપણ બચાવ પ્રયુક્તિ

(C) આક્રમણ બચાવ પ્રયુક્તિ (D) અસ્વીકાર બચાવ પ્રયુક્તિ

35 ગુજરાત રાજ્યના વર્ષ 2019-20ના અંદાજપત્રમાં દીકરીઓના જન્મદરમાં વધારો કરવા તથા બાળલગ્ન પ્રથા અટકાવવાના હેતુથી કઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) 'દીકરી વ્હાલનો દરિયો' યોજના (B) 'દીકરી ઘરનું દીવાસ્વપ્ન' યોજના

(C) 'મારી વહાલી દીકરી' યોજના (D) 'વહાલી દીકરી' યોજના



PariksaPath · pariksapath.in

36 ____________ નગર આયોજિત નગર છે.

(A) દિલ્હી (B) ગાંધીનગર

(C) વલ્લભ વિદ્યાનગર (D) બનારસ

37 પ્રથમ દશ પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

(A) 5.5 (B) 6

(C) 27.5 (D) 55

38 કર્મચારી તથા સુપરવાઈઝર્સ વચ્ચેના સંબંધોનો અભ્યાસ નીચેનામાંથી કયા મનોવૈજ્ઞાનિકનું અભ્યાસક્ષેત્ર છે ?

(A) ચિકિત્સા મનોવિજ્ઞાન (B) શૈક્ષણિક મનોવિજ્ઞાન

(C) સમુદાય મનોવિજ્ઞાન (D) ઔદ્યોગિક મનોવિજ્ઞાન

39 Fill in the blank :

Those who do ____________ activities should be punished.

(A) national (B) un national

(C) antinational (D) nation

40 ____________ એ લખેલ પુસ્તક 'વોલ્ડન'નો ગાંધીજીના જીવન પર મોટો પ્રભાવ પડ્યો હતો.

(A) કાર્લ માર્ક્સ (B) ઓગસ્ટ કોમ્ટ

(C) હેનરી ડેવિડ (D) રસ્કિન



PariksaPath · pariksapath.in

41 મનોજાતીય વિકાસની કઈ ઉંમર દરમ્યાન ઓડિપસ ગ્રંથિ ઉત્પન્ન થતી જોવા મળે છે ?

(A) 1-2 વર્ષ
(B) 3-5 વર્ષ
(C) 6-9 વર્ષ
(D) 10-14 વર્ષ

42 50,000 થી 1 લાખની વસ્તીવાળા નગરને __________ કહેવાય.

(A) મહાનગર
(B) મેટ્રોપોલિટન
(C) નગર
(D) નાનું શહેર

43 ' 'મીરાં' એટલે ઊર્મિઓની પરંપરા' આ ઉદ્ગાર કોના છે ?

(A) જીવા ગોસાંઈ
(B) લીલાવતી મુનશી
(C) રઈદાસ
(D) આનંદશંકર ધ્રુવ

44 જૂથ મનોવલણોના અભ્યાસ માટે સોસ્યોમેન્ટ્રી પદ્ધતિની શરૂઆત કોના દ્વારા થયેલ ?

(A) મૂર
(B) મરે
(C) મોરેનો
(D) મેકડૂગલ

45 ગ્રામ પંચાયતમાં તાકીદના પ્રસંગે ખર્ચ મંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) પંચાયત મંત્રી
(B) તાલુકા પંચાયત
(C) સરપંચ
(D) જિલ્લા પંચાયત



PariksaPath · pariksapath.in

46 સમાજ સેવક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ______ માં થયો હતો.

(A) નડિયાદ

(B) દિલ્હી

(C) કલકત્તા

(D) મુંબઈ

47 નીચે આપેલ સાદા વાક્યોને જોડતાં યોગ્ય સંયોજક જણાવો.

એક રાજકુંવરીને પરણે. એ મોટી થાય. એને છોડી દે.

(A) જ્યારે, ત્યારે

(B) જ્યાં સુધી, ત્યાં સુધી

(C) કેમ, કે

(D) અને, એટલે

48 મનોવિજ્ઞાન __________ વિષયમાંથી ઉદ્ભવેલ છે.

(A) ભૌતિકશાસ્ત્ર

(B) તત્ત્વજ્ઞાન

(C) ધર્મશાસ્ત્ર

(D) શરીર વિજ્ઞાન

49 વીજળી જાય તો પણ કમ્પ્યૂટરને એકધારો પાવર સપ્લાય મળી રહે તે માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) UPS

(B) USP

(C) UPC

(D) UCP

50 સંજ્ઞાત્મક આંતરક્રિયાવાદ __________ છે.

(A) સમગ્રદર્શી

(B) એકમલક્ષી

(C) વિનિમયલક્ષી

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં



PariksaPath · pariksapath.in

51 મૂળભૂત રીતે મનોવિજ્ઞાન એક ____________ .

(A) અવિજ્ઞાન (B) શુદ્ધ વિજ્ઞાન

(C) વાર્તનિક વિજ્ઞાન (D) સામાજિક વિજ્ઞાન

52 ભારતીય બંધારણના આર્ટિકલ - 143 અન્વયે રાષ્ટ્રપતિ જ્યારે ઉચ્ચતમ ન્યાયાલયનો અભિપ્રાય માંગે ત્યારે ભારત સરકારનું પ્રતિનિધિત્વ કોણ કરે છે ?

(A) સોલિસિટર જનરલ (B) લોકસભાના અધ્યક્ષ

(C) એટર્ની જનરલ (D) ઉપરાષ્ટ્રપતિ

53 પ્રજનનશીલતાના માપને ____________ કહેવામાં આવે છે.

(A) જીવિત જન્મ (B) જન્મ દર

(C) મૃત્યુ દર (D) મૃત જન્મ

54 ''ખીલો થઈ જવું'' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ઊભા રહી જવું (B) જડ થઈ જવું

(C) ભીંતમાં ખીલો જડી દેવો (D) અંદર જતા રહેવું

55 માનસિક સંઘર્ષોનાં કારણે ઉત્પન્ન થતી ચિંતા સામે લોકો દ્વારા ઉપયોગમાં લેવાતી દમનની પ્રયુક્તિ ____________ નો એક મૂળભૂત ખ્યાલ છે.

(A) ઓલપોર્ટનો સિદ્ધાંત (B) યુંગ-ઓલપોર્ટનો સિદ્ધાંત

(C) એડલરનો સિદ્ધાંત (D) ફ્રોઈડનો સિદ્ધાંત



PariksaPath · pariksapath.in

56 Give synonym of :

'Benevolent'

(A) Beneficial
(B) Indolent
(C) Kind
(D) Moderate

57 1919માં ______ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના અભ્યાસની શાખા સૌપ્રથમ શરૂ કરવામાં આવી.

(A) કલકત્તા
(B) દિલ્હી
(C) મુંબઈ
(D) વડોદરા

58 MMPI માં ______ ચિકિત્સાત્મક તુલાઓ છે.

(A) સાત
(B) પાંચ
(C) અગિયાર
(D) દસ

59 ગુજરાતના કયા તાલુકામાં ગરમ પાણીના ઝરા આવેલા છે ?

(A) કપડવંજ
(B) ગલતેશ્વર
(C) કઠલાલ
(D) ઠાસરા

60 વસ્તીશાસ્ત્રની શરૂઆત ______ નામના વિદ્વાને કરી.

(A) જ્હોન કેરી
(B) માલ્થસ
(C) જ્હોન ગ્રાઉન્ટ
(D) વિલિયમ જોન્સન



PariksaPath · pariksapath.in

61 નીચેના વાક્યમાંથી લીટી દોરેલ શબ્દનો સમાસ ઓળખાવો :

નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણની ભક્તિ મનવચનકર્મ થી કરી.

(A) દ્વન્દ્વ (B) તત્પુરુષ

(C) બહુવ્રીહિ (D) અવ્યયી ભાવ

62 વિલિયમ જેમ્સનું નામ મનોવિજ્ઞાનના એક નવા સંપ્રદાય ______ ના સ્થાપક તરીકે પ્રસિદ્ધ છે.

(A) વર્તનવાદ (B) ગેસ્ટાલ્ટ મનોવિજ્ઞાન

(C) કાર્યવાદ (D) રચનાવાદ

63 ગુજરાતની નીલકા નદીના કાંઠે કયું પ્રસિદ્ધ તીર્થ આવેલ છે ?

(A) ચામુંડા માતાનું મંદિર (B) અંગારેશ્વર મહાદેવ

(C) નિષ્કલંક માતાનું મંદિર (D) ભીમનાથ શિવાલય

64 આદિમજાતિ સમાજમાં બનેવી-સાળીનો સંબંધ ______ શ્રેણીમાં આવે.

(A) પરિહાર (B) પરિહાસ

(C) (A) અને (B) બન્ને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

65 બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં તેમનું મગજ પુખ્તવયના મગજના ______ જેટલો વિકાસ પ્રાપ્ત કરે છે અને બાળક છ વર્ષનું થાય ત્યાં સુધીમાં લગભગ ______ જેટલો વિકાસ પ્રાપ્ત કરે છે.

(A) 60%, 80% (B) 75%, 90%

(C) 65%, 100% (D) 88%, 98%



PariksaPath · pariksapath.in

66 નીચેનામાંથી કયો દરજ્જો અર્પિત દરજ્જો છે ?

(A) માતા-પિતા
(B) ડોક્ટર
(C) પ્રધાન
(D) વકીલ

67 તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રિન્સીપાલ સેક્રેટરી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) હસમુખ અઢીયા
(B) અતાનુ ચક્રવર્તી
(C) પ્રદિપકુમાર સિંહા
(D) પી. કે. મિશ્રા

68 હ્રદકેન્દ્રી માનસોપચારની એક મુખ્ય લાક્ષણિકતા ________ ગણાય છે.

(A) મુક્ત સાહચર્ય અભિગમ
(B) અનિર્દેશાત્મક અભિગમ
(C) સામૂહિક સમસ્યા અભિગમ
(D) તટસ્થ વિચારણા અભિગમ

69 કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ જણાવો.

(A) ધરમપુર
(B) ધોળકા
(C) ધંધુકા
(D) ધનસુરા

70 પોતાના જ્ઞાતિ સમૂહમાં નજીકના સગા-વહાલાં સિવાયના લોકોમાં લગ્નવ્યવહારને ________ કહેવાય છે.

(A) બહિર્લગ્ન
(B) આંતર્લગ્ન
(C) બાળલગ્ન
(D) ગાંધર્વલગ્ન



PariksaPath · pariksapath.in

71 ''સર્વોચ્ચ ન્યાયાલયે પ્રતિપાદિત કરેલો કાયદો ભારતના રાજ્યક્ષેત્રની અંદરના તમામ ન્યાયાલયને બંધનકર્તા રહેશે.'' આ પ્રમાણેની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે ?

(A) આર્ટિકલ - 137 (B) આર્ટિકલ - 151

(C) આર્ટિકલ - 152 (D) આર્ટિકલ - 141

72 ઈ.ઈ.જી. (ઈલેક્ટ્રો એન્સેફ્લોગ્રામ)ની આવૃત્તિઓનો વિસ્તાર લગભગ ________ હોય છે.

(A) 1 થી 2 હર્ટ્ઝ (B) 1 થી 25 હર્ટ્ઝ

(C) 1 થી 50 હર્ટ્ઝ (D) 1 થી 10 હર્ટ્ઝ

73 સૌથી વધુ મહત્ત્વ ________ આશ્રમને આપવામાં આવ્યું છે.

(A) બ્રહ્મચર્યાશ્રમ (B) ગૃહસ્થાશ્રમ

(C) વાનપ્રસ્થાશ્રમ (D) સંન્યાસાશ્રમ

74 ડૉ. સીગ્મન ફ્રોઈડે ________ દર્શાવ્યા છે.

(A) સામાજિક વિકાસના તબક્કા (B) જીવન વિકાસના તબક્કા

(C) મનોસામાજિક વિકાસના તબક્કા (D) મનોજાતીય વિકાસના તબક્કા

75 Give past participle form of :

'Shoe'

(A) shodden (B) shod

(C) both (A) and (B) (D) shode



PariksaPath · pariksapath.in

76 ________ થી કુટુંબ નિયોજનનો કાર્યક્રમ કુટુંબ કલ્યાણ કાર્યક્રમ તરીકે ઓળખાય છે.

(A) 1970
(B) 1977
(C) 1980
(D) 1987

77 છંદનો પ્રકાર વિકલ્પોમાંથી શોધો :

તમારા આત્માનો અમર વરણે દીપક ધરો

(A) મન્દાક્રાન્તા
(B) પૃથ્વી
(C) શિખરિણી
(D) હરિણી

78 હકીકતનો વિરોધાભાસી હોવા છતાં ખોટી માન્યતાને વળગી રહેવું તેને ________ કહે છે.

(A) કલ્પનાઓ
(B) વિભ્રમો
(C) ભ્રમો
(D) મતિભ્રમો

79 કોઈ પણ રમતના સર્વોચ્ચ કૌશલ્યને પ્રદર્શિત કર્યા તરીકે જેને રમતગમતના લેખકોએ વર્ણવી છે; તેની યાદગીરીરૂપે તેનું પૂતળું બર્લિનમાં મૂકવામાં આવ્યું છે. ભારતના તે અમર ઓલિમ્પિક ખેલાડીનું નામ જણાવો.

(A) રૂપ સિંઘ
(B) બલવીર સિંઘ
(C) ધ્યાનચંદ
(D) શંકર લક્ષ્મણ

80 સ્પેશિયલ મેરેજ એક્ટ ________ વર્ષમાં ઘડાયો.

(A) 1954
(B) 1959
(C) 1964
(D) 1970



PariksaPath · pariksapath.in

81 અમેરિકામાં મનોવિજ્ઞાનની સૌથી પહેલી પ્રયોગશાળાની સ્થાપના __________ માં __________ દ્વારા કરવામાં આવી હતી.

(A) હાર્વર્ડ યુનિવર્સિટી, વિલિયમ જેમ્સ

(B) ન્યૂયોર્ક યુનિવર્સિટી, જે.બી. વોટ્સન

(C) મિશીગન યુનિવર્સિટી, વુડવર્થ

(D) કેલિફોર્નિયા યુનિવર્સિટી, એબીંગ હોસ

82 આજથી આશરે __________ વર્ષો પહેલા વસ્તીશાસ્ત્રનો ઉદ્ભવ થયો.

(A) 700

(B) 300

(C) 400

(D) 200

83 નીચેનામાંથી કયો વિકલ્પ ડેટા સ્ટોરેજનો સૌથી મોટો એકમ દર્શાવે છે ?

(A) TB

(B) GB

(C) MB

(D) PB

84 વ્યક્તિનો પ્રાપ્તાંક પોતાની વય જૂથની વ્યક્તિઓના સરેરાશ પ્રાપ્તાંકથી કેટલો વધારે કે ઓછો છે તે એટલે કે વ્યક્તિની વયજૂથમાં આવેલી સ્થિતિ ઉપરથી આંકડાશાસ્ત્રીય રીતે આઈ.ક્યુ. મેળવાય તેને __________ કહેવામાં આવે છે.

(A) મધ્યસ્થ આઈ.ક્યુ

(B) સરેરાશ આઈ.ક્યુ.

(C) વિચલન આઈ.ક્યુ.

(D) સાધારણ આઈ.ક્યુ.

85 શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

(A) સંતલસ, સંગેમરમર, સંગાથ, સંક્ષિપ્ત

(B) સંગાથ, સંતલસ, સંક્ષિપ્ત, સંગેમરમર

(C) સંગેમરમર, સંક્ષિપ્ત, સંતલસ, સંગાથ

(D) સંક્ષિપ્ત, સંગાથ, સંગેમરમર, સંતલસ



PariksaPath · pariksapath.in

86 મલબારના નાયર લોકોમાં ______ ______ કુટુંબપ્રથા છે.

(A) માતૃસત્તાક (B) પિતૃસત્તાક

(C) વિભક્ત (D) પિતૃવંશી

87 પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામને કયા વર્ષમાં ભારત રત્ન એવોર્ડ દ્વારા નવાજવામાં આવ્યા ?

(A) 1992 (B) 1987

(C) 1990 (D) 1997

88 જે વ્યક્તિઓના એંગ્યુલર ગયરસને ઈજા થાય તેઓ વાચા સંદેશાવ્યવહાર કરી શકે છે, પરંતુ તેઓ લેખિત ભાષાનું વાંચન કરી શકતા નથી. તેમની બિમારી ______ તરીકે ઓળખાય છે.

(A) અફાસિયા (B) એમ્નેસીયા

(C) ડિસલેક્ષીયા (D) એનોસીયા

89 નીચે આપેલ વાક્યનો યોગ્ય ભાવે પ્રયોગ જણાવો :

મેં તેને રોક્યો.

(A) મેંથી તેને રોકાશે. (B) મારાથી તેને રોકાશે.

(C) મારાથી તેને રોકાય છે (D) મારાથી તેને રોકાયો.

90 ______માં લોર્ડ વિલિયમ બેંટિંક સતિ પ્રથાને ગેરકાયદેસર જાહેર કરી.

(A) 1819 (B) 1829

(C) 1840 (D) 1842



PariksaPath · pariksapath.in

91 I was a girl ________.

(A) whose had a rose in her hand.

(B) whom had a rose in her hand.

(C) which had a rose in her hand.

(D) who had a rose in her hand.

92 અનુકંપી તંત્ર અને પરાનુકંપી તંત્ર એમ બે વિભાગ ________ ના વિભાગો છે.

(A) કેન્દ્રીય ચેતાતંત્ર

(B) પરિધિય ચેતાતંત્ર

(C) શારીરિક ચેતાતંત્ર

(D) સ્વયંસંચાલિત ચેતાતંત્ર

93 સુરતમાં આવેલ વેડછી આશ્રમ કોના દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો ?

(A) મહાદેવ દેસાઈ

(B) જુગતરામ દવે

(C) કસ્તુરબા ગાંધી

(D) મોહનલાલ પંડ્યા

94 કઈ ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથનું સ્થાન બદલાય છે, પરંતુ સ્તર બદલાતું નથી ?

(A) ઊભી ગતિશીલતા

(B) વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી

(C) જૂથલક્ષી નિમ્નગામી

(D) આડી ગતિશીલતા

95 ક્વાંટ તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે ?

(A) વડોદરા

(B) છોટા ઉદેપુર

(C) તાપી

(D) નર્મદા



PariksaPath · pariksapath.in

96 સરેરાશ ભૂલની પદ્ધતિ કોણે પ્રચારિત કરી હતી ?

(A) વેબર
(B) હેલ્મ હોલ્ટઝ
(C) મ્યુલર
(D) ફેકનર

97 કયું તત્ત્વ વિજ્ઞાનમાં આવશ્યક નથી ?

(A) સત્ય
(B) ભવિષ્યવાણી
(C) વૈજ્ઞાનિક પદ્ધતિ
(D) વિષય નિષ્ઠતા

98 કરોડરજ્જુ અને બ્રેઇન સ્ટેમ દ્વારા __________નું સંચાલન તથા નિયંત્રણ થાય છે.

(A) ચેતા કાર્યો
(B) મજ્જાનાં કાર્યો
(C) દૈહિક કાર્યો
(D) કારક કાર્યો

99 સંધિ છોડો :

અતીત

(A) અત્ + ઈત
(B) અતિ + ઉત
(C) અતિ + ઈત
(D) અતિ + ઈત્

100 ઉર્ધ્વગામી સાંસ્કૃતિક ગતિશીલતા __________નો નિર્દેશ કરે છે.

(A) સંસ્કૃતિકરણ
(B) સામાજિક સ્તરીકરણ
(C) સામાજિકીકરણ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં



PariksaPath · pariksapath.in

101 નીચે આપેલામાંથી કયો રોગ ચેપી અસાધ્ય અને જીવલેણ છે ?

(A) કેન્સર (B) એઈડ્સ

(C) ટાઈફોઈડ (D) મેલેરિયા

102 વિવિધ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓમાં ઉત્પન્ન થતા રસસ્ત્રાવો __________ ભળે છે અને શારીરિક માનસિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(A) લોહીના પ્રવાહમાં (B) બાહ્યસ્ત્રાવી ગ્રંથિઓમાં

(C) મસ્તિષ્કના સંયોજક કોષોમાં (D) મસ્તિષ્કના ચેતા આવેગોમાં

103 મીરાંબાઈએ વૃંદાવનના એ મહાન સંતના દર્શનની વાંછના કરી ત્યારે તે સંતે જણાવ્યું કે, પોતે કોઈ સ્ત્રીનું મુખ જોતા નથી. અંતે મીરાંના મર્મવચન સાંભળી તે સંત પોતે મીરાંના દર્શને ગયા. આ સંતનું નામ જણાવો.

(A) જ્ઞાનદેવ (B) જીવા ગોસાંઈ

(C) હરિમહારાજ (D) રઈદાસ

104 વેબરે સામાજિક પરિવર્તન માટે કઈ બાબતને વધુ મહત્ત્વ આપ્યું છે ?

(A) ધર્મ (B) સંસ્કૃતિ

(C) ગતિશીલતા (D) આર્થિક બાબત

105 તીવ્ર અને અસહ્ય જીવન સ્થિતિઓથી ઉદ્ભવતી ચિંતા સામે પોતાની જાતના રક્ષણના એક ઉપાય તરીકે જે સ્મૃતિહ્રાસ ઉત્પન્ન થાય તે __________ તરીકે ઓળખાય છે.

(A) એમ્નેસીયા (B) એન્જાયટી પ્રોક્ટીંગ એમ્નેસીયા

(C) ડિફેન્સીવ એમ્નેસીયા (D) પ્રોટેક્ટીવ એનોસીયા



PariksaPath · pariksapath.in

106 અર્પિત અને અર્જિત એમ બંને પ્રકારનાં પરિબળોની જરૂર પડે તેવા દરજ્જાને ________ તરીકે ઓળખવામાં આવે છે.

(A) દરજ્જા સમુચ્ચય
(B) બહુવિધ દરજ્જા
(C) મિશ્રિત દરજ્જો
(D) ચાવીરૂપ દરજ્જો

107 લોખંડની ચમચી પર તાંબાનો ઢોળ ચડાવવાની પ્રક્રિયા માટે કયા દ્રાવણમાંથી વિદ્યુતપ્રવાહ પસાર કરવામાં આવે છે ?

(A) ફેરસ સલ્ફેટ
(B) કોપર સલ્ફેટ
(C) મંદ સલ્ફ્યુરિક એસિડ
(D) સોડિયમ સલ્ફેટ

108 આંકડાશાસ્ત્રીય સહસંબંધના મુખ્ય પ્રણેતા ________ હતા.

(A) રિકર્ડ
(B) ફેક્નર
(C) ગાલ્ટન
(D) પિયરસન

109 Fill in the blank :

The cubs follow the lion and lioness ________ they go.

(A) what
(B) whither
(C) which
(D) while

110 ________ એ સમુદાયનું લક્ષણ નથી.

(A) સમુદાય ભાવના
(B) સ્વયંજનિત
(C) દૂરવર્તી સંબંધ
(D) નિશ્ચિત પ્રાદેશિક વિસ્તાર



PariksaPath · pariksapath.in

111 $x^2 + 6x + 7 = 0$ ને પૂર્ણવર્ગ બનાવવા તેમાં શું ઉમેરવું પડે ?

(A) 4
(B) 2
(C)
(D) 1

112 મેસ્લોની પ્રેરણાઓની શ્રેણીમાં ગૌરવની પ્રેરણા __________ તરીકે જ્યારે સલામતીની પ્રેરણા __________ તરીકે ઓળખાય છે.

(A) મૂળભૂત પ્રેરણા અને બુદ્ધિની પ્રેરણા
(B) મૂળભૂત પ્રેરણા અને દ્વિતીયક પ્રેરણા
(C) બુદ્ધિની પ્રેરણા અને મૂળભૂત પ્રેરણા
(D) સામાજિક પ્રેરણા અને બુદ્ધિની પ્રેરણા

113 નાનામાં નાના ગુણાંક અને મોટામાં મોટા ગુણાંક વચ્ચેનો ગાળો ગુણાંકોનો __________ ગણાય છે.

(A) બહુલક
(B) આવૃત્તિ વિતરણ
(C) મધ્યસ્થ
(D) વિસ્તાર

114 એક વિજ્ઞાન તરીકે મનોવિજ્ઞાન નીચેનામાંથી કયું ધ્યેય ધરાવે છે ?

(A) નિયંત્રણ
(B) કાર્યકારણ પદ્ધતિ
(C) ભવિષ્ય કથન
(D) ઉપરના બધા

115 The boy was disobedient so he was punished.

(Make it simple sentence)

(A) Though the boy was obedient, he was punished.
(B) The boy is punish for his disobedience.
(C) The boy was punished for his disobedience.
(D) The boy was obedient but he was punished.



PariksaPath · pariksapath.in

116 'ધ અનટચેબલ્સ' પુસ્તકના લેખક __________ છે.

(A) ગાંધીજી

(B) ડૉ. બાબાસાહેબ આંબેડકર

(C) એની બેસન્ટ

(D) રવિન્દ્રનાથ ટાગોર

117 નીચે આપેલ કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો :

એક હાથની આંગળી, નાની શું ને મોટી શું ?

(A) માણસની આંગળીઓ સરખી હોતી નથી.

(B) એક જ સંબંધના માણસો વચ્ચે ભેદભાવ કેવી રીતે હોય ?

(C) હાથમાં તાકાત હોય તો જીવન સુધરે.

(D) સહકારથી કામ કરતાં સિદ્ધિ બેવડાય.

118 મગજના બે ચેતાકોષ વચ્ચેના જંક્શન માટે નીચેનામાંથી કયો શબ્દપ્રયોગ પ્રયોજાય છે ?

(A) સંધાયી સ્થાન

(B) ચેતાબંધ

(C) સંધિ સ્થાન

(D) તંતુ કેન્દ્ર

119 MS Excel માં ભાગાકાર કરવા માટે કયા ચિહ્નનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) /

(B) \

(C) |

(D) %

120 __________ એ સમુદાયનું ઉદાહરણ નથી.

(A) એક ગામ

(B) એક સંપ્રદાય

(C) એક પહેરવેશ

(D) એક શેરી



PariksaPath · pariksapath.in

121 આપેલા વાક્યમાંથી ખોટા પદપ્રત્યય શોધી વિકલ્પમાંથી સાચો પ્રત્યય શોધો :

રવિવારથી બા મને ઉજાણીમાં મોકલે.

(A) ને

(B) એ

(C) (A) અને (B) બંને

(D) નો

122 મનુષ્યના શરીરના પ્રત્યેક કોષમાં ઓછામાં ઓછા ________ જનીનતત્ત્વો હોય છે.

(A) 10,000

(B) 20,000

(C) 50,000

(D) 1,00,000

123 બહુલકને શું કહી શકાય ?

(A) અંકગણિતિક સરેરાશ

(B) સંભાવના સરેરાશ

(C) સ્થાન સરેરાશ

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

124 પુરાતત્ત્વ ખાતા દ્વારા જૂના સ્થાપત્યોની જાળવણીને સરકાર દ્વારા અત્યંત મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે અને એના માટે અલાયદા હેરિટેજ સેલની રચના કરવામાં આવી છે. આ બાબતની સતત પ્રતિતિ થતી રહે અને સ્થાપત્યોને મહત્ત્વ મળતું રહે એ ઉદ્દેશ સાથે પ્રતિવર્ષ 'વર્લ્ડ હેરીટેજ ડે' કયા દિવસે મનાવવામાં આવે છે ?

(A) 18મી ઓક્ટોબર

(B) 15મી મે

(C) 18મી એપ્રિલ

(D) 17મી માર્ચ

125 ____________ ને ચેતાતંત્રના માહિતીધારકો તરીકે ઓળખવામાં આવે છે.

(A) ડેન્ડ્રાઇટસ

(B) ન્યુરોન્સ

(C) એન્ડોન્સ

(D) મેમ્બરેન



PariksaPath · pariksapath.in

126 Fill in the blank :

The front line had __________ the enemy attack well.

(A) born

(B) bored

(C) borne

(D) bourn

127 'દાસ કેપિટલ'ના લેખક __________ છે.

(A) મેક્સ વેબર

(B) ઈમાઈલ દુર્ખિમ

(C) કાર્લ માર્ક્સ

(D) મેકાઈવર અને પેજ

128 જો Z = 26, Net = 39, તો NUT = __________

(A) 50

(B) 53

(C) 55

(D) 56

129 અભ્યાસોના પરિણામ દર્શાવે છે કે __________ શરીર પ્રકાર ધરાવતી વ્યક્તિઓમાં સ્કીઝોફેનિઆની વિકૃતિ સામાન્ય છે.

(A) એથ્લેટીક

(B) એસ્થેનીક

(C) પીકનીક

(D) મેસ્મોરફીક

130 'ધ પ્રોટેસ્ટન્ટ એથિક એન્ડ ધ સ્પિરિટ ઓફ કેપિટાલીઝમ' ના લેખક __________ છે.

(A) દુર્ખિમ

(B) વેબર

(C) માર્ક્સ

(D) ગિડિન્સ



PariksaPath · pariksapath.in

131 રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર શોધી જણાવો :

વધારે રખડનાર સફળ થતો નથી.

(A) ભૂતકૃદંત (B) ભવિષ્યકૃદંત

(C) વિધ્યર્થકૃદંત (D) સંબંધક ભૂતકૃદંત

132 ડાબા ટેમ્પરલ લોબમાં આવેલ એક સાહચર્ય કોર્ટક્ષ વિસ્તારને નીચેનામાંથી કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) બ્રોકોનો વિસ્તાર (B) ટેમ્પોરલ વિસ્તાર

(C) વર્નીક્સ વિસ્તાર (D) ફ્રન્ટલ વિસ્તાર

133 'NEERI' નું પૂરું નામ જણાવો.

(A) National Environmental Engineering Research Institute

(B) National Environmental Education and Research Institute

(C) National Economical Environmental Research Institute

(D) National Educational Environment and Research Institute

134 નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સામાજિક ધોરણના પ્રકાર તરીકે સમાવિષ્ટ થતો નથી ?

(A) લોકરીતિઓ (B) રૂઢિ

(C) રિવાજ (D) સંસ્કૃતિ

135 નીચે આપેલ વાક્યનો કર્તરિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો :

સારું થયું કે સુહાસભાઈથી છૂટી જવાયું.

(A) સારું થયું કે સુહાસભાઈ છૂટી ગયા.

(B) સારું થયું કે સુહાસભાઈ છૂટી જાય છે.

(C) સુહાસભાઈને સારું થઈ ગયું.

(D) સારું થયું કે સુહાસભાઈ આવી જશે.



PariksaPath · pariksapath.in

136 સિગ્મન ફ્રોઇડ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંત અનુસાર ફ્રોઇડ હંમેશા __________ ને અનુસરે છે.

(A) જાતીય સિદ્ધાંત
(B) સુખ સિદ્ધાંત
(C) વાસ્તવિકતા સિદ્ધાંત
(D) ઉર્ધ્વીકરણ સિદ્ધાંત

137 'સમ આસપેક્ટ્સ ઓફ ફેમિલિ ઇન મહુવા'ના લેખક __________ છે.

(A) હરીશ દોશી
(B) આઈ.પી. દેસાઈ
(C) ડેવિસ
(D) બર્ગેલ

138 મનોવિશ્લેષણવાદી સંપ્રદાયનું મુખ્ય પ્રદાન __________ નો અભ્યાસ છે.

(A) માનસિક વિકૃતિઓ
(B) અચેતન મન
(C) તબીબી અને મનોવૈજ્ઞાનિક ઉપચાર
(D) વૈજ્ઞાનિક ઉપચાર

139 ફરજ બજાવવામાં જિલ્લા પંચાયત કસૂર કરે તો તેની સામે પગલાં ભરવાની સત્તા કોને છે ?

(A) વિકાસ કમિશનરને
(B) કલેક્ટરને
(C) જિલ્લા વિકાસ અધિકારીને
(D) પંચાયતના સચિવને

140 મનુષ્ય-વિકાસના દરેક પાસાનો સમાવેશ __________માં કરવામાં આવે છે.

(A) ઇતિહાસ
(B) સમાજશાસ્ત્ર
(C) માનવશાસ્ત્ર
(D) મનોવિજ્ઞાન



PariksaPath · pariksapath.in

141 જૈન પંચતીર્થમાંનું પવિત્ર સ્થળ ક્યાં આવેલું છે ?

(A) પ્રાંતિજ (B) સુથરી

(C) રાજપીપળા (D) તળાજા

142 વર્તનવાદના પ્રણેતા __________ હતા.

(A) જે.બી. વોટ્સન (B) જેમ્સ એન્જીલ

(C) સિગ્મન ફ્રોઈડ (D) આન્ના ફ્રોઈડ

143 Leaders are not always corrupt. (Make affirmative)

(A) Leaders are never corrupt.

(B) Leaders are sometimes non-corrupt.

(C) Leaders are always corrupt.

(D) Leaders are not rarely corrupt.

144 'હિંદ સ્વરાજ' પુસ્તકના લેખક __________ છે.

(A) સરોજીની નાયડુ (B) સરદાર પટેલ

(C) ગાંધીજી (D) ઉમાશંકર

145 માનવ મગજમાં જે ચેતાકોષ આવેલ છે તેને __________ તરીકે ઓળખવામાં આવે છે.

(A) સાયનેપ્સીસ (B) ડેન્ડ્રાઈટ્સ

(C) ન્યૂરોન્સ (D) એન્ડોન્સ



PariksaPath · pariksapath.in

146 કયું લક્ષણ સામાજિક સર્વેક્ષણનું છે ?

(A) પ્રત્યક્ષ સંપર્ક (B) શબ્દકોષ

(C) સંદર્ભસૂચિ (D) પર્યાપ્ત કદ

147 આપણી સાંસ્કૃતિક ભાવનાને ઉજાગર કરતી કવિતા 'હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક'ના લેખકનું નામ જણાવો.

(A) રાજેન્દ્ર શુક્લ (B) વિનોદ જોશી

(C) મોહન કુંડારિયા (D) રમેશ પારેખ

148 થેલેમસ, હાઈપોથેલેમસ અને મોટા મગજના કેટલાક કેન્દ્રો આંતર સંબંધિત થઈને અગ્રમગજના નીચેના ભાગની આજુબાજુ એક ગોળ વીંટી જેવા આકારની રચના કરે છે તેને નીચેનામાંથી કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) લિમ્બીક સિસ્ટમ (B) સેપ્ટલ કેન્દ્ર

(C) એમિગડાલા (D) ફોર્નિક્સ

149 મોગલ સમયમાં મક્કા હજ કરવા જતા યાત્રીઓના આવતા-જતા, ઊતરવા તથા રહેવાની સવલત માટે બાંધવામાં આવેલ 'મુગલસરાઈ' ઇમારતનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) બાદશાહ ખુદાવંદખાન (B) ગફૂર સલમાની

(C) બાદશાહ ઔરંગઝેબ (D) ઇસાક બેગ યઝદી

150 __________ એ આર્યસમાજ નામની સંસ્થા સ્થાપી હતી.

(A) સ્વામી વિવેકાનંદ (B) સ્વામી દયાનંદ સરસ્વતી

(C) શ્રીમતી એનીબેસન્ટ (D) રાજા રામમોહન રાય



PariksaPath · pariksapath.in